22

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના
વિદ્યાર્થીઓને કોમર્શિયલ પાયલોટ ની તાલીમ
માટે લોનમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકસશપ/૧૪૨૦૧૨/૨૦૬(૭૮૩૩૩૫)/અ
સચિવાલય,ગાંધીનગર.
તા. ૨૭/૪/૨૦૧૨

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ના તા.૨૦/૩/૧૯૯૯ ના ઠરાવ ક્રમાંકઃ સશપ/ ૧૧૯૯/ ન.બા.૫/અ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ના તા.૨૯/૩/૨૦૦૮ ના ઠરાવ ક્રમાંકઃ સશપ/ ૧૪૦૮/ ન.બા. /અ

(૩) નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ, ના તા.૯/૧૧/૨૦૧૧ના પત્ર ક્રમાંકઃવિજાક/શિક્ષણ/ ન.બા.૨૦૧૧-૧૨/૫૩૮૭

ઠરાવઃ-

આમુખમાં ક્રમાંકઃ(૧)માં દર્શાવેલ વિભાગના તા.૨૦/૩/૧૯૯૯ના ઠરાવથી સામાજિક અને શૈક્ષણિકરીતે પછાત વર્ગના ઉમેદવારોને કોમર્શીયલ પાયલોટ લાઈસન્સ/ટ્રેઇની પાયલોટની તાલીમ માટે રૂ. ૨.૦૦ લાખની વાર્ષિક ૪ % વ્યાજના દરે લોન આપવાની યોજના અમલમાં છે. આમુખમાં ક્રમાંકઃ(૨)માં દર્શાવેલ વિભાગના તા.૨૯/૩/૨૦૦૮ ના ઠરાવ આ રકમમાં વધારો કરી રૂ. ૧૫.૦૦ કરવામાં આવેલ છે. હાલમાં પાયલોટની તાલીમ ખર્ચમાં ઘણો વધારો થયો છે. આ ખર્ચને પહોંચી વળવા ઉમેદવાર દીઠ કોમર્શીયલ પાયલોટ લાઈસન્સ/ટ્રેઇની પાયલોટ ની તાલીમ માટે લોનમાં વધારો કરવા અંગે આમુખમાં ક્રમાંકઃ(૩)માં દર્શાવેલ નિયામક શ્રી વિકસતિ જાતિ ના પત્ર થી કરવામાં આવેલ દરખાસ્ત સરકારની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે આ યોજના અંતર્ગત રૂ ૧૫.લાખ ની લોનની રકમ વધારીને રૂ.૨૦.૦૦ ની લોન વાર્ષિક ૪ % વ્યાજના દરે આપવાનું આથી ઠરાવવામાં આવે છે. અને આ માટે વર્ષ-૨૦૧૨-૧૩ના અંદાજપત્રમાં કરવામાં આવેલ રૂ.૩૦.૦૦ લાખની જોગવાઇનો ખર્ચ કરવા નીચેની શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

(૧) આ યોજનાનો ખર્ચ તા.૧/૪/૨૦૧૨ થી કરવાનો રહેશે.

(૨) નાણા વિભાગ ધવારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહીને સને ૨૦૧૨-૧૩ના વર્ષની બજેટ જોગવાઇને આધિન રહીને ખર્ચ કરવાનો રહેશે.

S.O File

(૩) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે અને વર્ષ આખરે રહેતી બચત સરન્ડર કરવાની રહેશે.

(૪) આ યોજનાના લાભાર્થીઓની યાદી નિભાવવાની રહેશે. યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગ ની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(નાણા) ની તા.૨૧/૪/૨૦૧૨ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

એલ.એમ.જોષી
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાનાઃ-

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- અગ્રસચિવશ્રી,સા.ન્યા.અને અ.વિ. ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી,અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી.
- તમામ જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા.).
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા. અને અ.વિ.)સચિવાલય,ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ/અ.૧, સા.ન્યા.અને અ.વિ.,સચિવાલય,ગાંધીનગર..
- સિલેકટ ફાઇલ શાખા/ ના.સે.અધિ.શ્રી

x-------x------x